ઇસ્માઇલી આગાખાની ખોજાના
મુખી મેઘજીભાઇ મુળજી
તથા
ગામડીયા અલારખીયાભાઇ જીવરાજ.

મરનારના વારસોનો હક ડુબાવે છે.

તેનો હેવાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર:—
ખોજા મહુમદઅલી દાયા ગોંડલવાલા.
જુની ચોપડીઓ લેનાર તથા વેચનાર.
ઠે૦ કોટ બોરા બજાર નં. ૨૧૧
મુ૦ મુંબઇ પોષ્ટ નં. ૧

છાપનાર:-મગનલાલ જગજીવનદાસ, [૨૦૮૭-૭૫.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, નાગદેવી રસ્તો, મુંબઇ નં ૩
પબ્લીશર:-ખોજા મહુમદઅલી દાયા ગોંડલવાલા.
ઠે૦ બોરા બજાર, નં૦ ૨૧૧ મુંબઇ.

અમદાવાદ

ભાઈ અલીભાઇ દાયાની વીધવા બાઈ
બાઈ [illegible] તે શુદ્ધ નીકાહ કરી જવાથી
ભાઇની મીલકત મેળવવા માટે
મુખી કામડીયાને કીધેલી અરજીએ

મુંબઈ, તા૦ ૧૦-૮-૧૯

શ્રી. મુંબઈ સીયા ઇમામી ઇસમાઈલી મુખી મેઘઃ મુળજી તથા કામડીયા અલારખીયાભાઇ જીવરાજની હ૦ જોગ લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યા

જત લખવા અરજ કે ખોજા મીઠાભાઇ દીકરી બાઇ કુંવરબાઈ માઠા તે લાલજીભાઈ બોઘાની સ્ત્રી રહેવાનું ઠેકાણુ કાંડી મોહોલા જુની ચાલીમાં ચોથે દ્ર તે બાઈએ બીજાની લીટી પહેરી પણ મારા ભાઈ અલીભા દાયાની મીલકત જેવી કે તોડા કટેસરી ઠારીઉં લુગડાં દાગીના મલી આસરે રૂ. ૩૫૦ થી ૪૦૦) સાડા ત્રણુસોથી ચારસોનો વગેરે જે માલ છે તે મને સુપરદ થવો જોઇએ ઉપરનો માલ મને સુપરદ ન થાય ત્યાં સુધી આપ નામદાર તેમનો નીકા અટકાવવા મહેરબાની કરશોજી આ અરજી આપવા છતાં મને માલ આપવા વગર નીકાની રજા આપશો તો તેના જોખમદાર તમો અમલદાર છો આની નકલ ઈમામ ઇસમાઇલી કૌન્સીલને પણ મોકલી છે.

લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યાઅલી દા૦ પોતે

મારૂ સરનામુ-કોટ બોરાબજાર જુની ચોપડીની દુકાને ના૦૨૧૧

પહોચની અમલદારના નોકરોની સહી.

કા૦ આમદ સવજીભાઈ બાબત ખુલાસો પુછતાં જવાબ આપવા ના પાડી કૌન્સીલમાં ખુલાસો કરવા કહે છે.

તા૦ ૧૦-૮-૧૯૧૯.

દા૦ ગોવીદ મામદ કવરમાં એક કાગલ પહોંચ્યો છે હા. પોતે ખોજા સીયા ઇમામી ઈસમાઈલી કૌન્સલ તા૦ ૧૦-૮-૧૯ દા. વરતેજી.

ઉપરની અરજી હું આપવા ગયો ત્યારે મને ચેતવણીનો ગલ છાપેલો આપવામાં આવ્યો તેની નકલ નીચે મુજબ.

મુંબઈ, તારીખ ૧૯૧

ભાઇ મહેમદઅલી ડાયા જોગ શ્રી મુંબઇ.

જત તમોને ચેતવણી આપવામાં આવે છે જે બાઈ કુંવરબાઇ મીઠા તે અલીભાઇ ડાયાની વીધવા સ્ત્રી પોતે હક નીકાહ કરવા માગે છે જે મજકુર બાઇ પાસે તમારો કાંઈ અવેજ દર દાગીનો વગેરે હોઅ ને તમો બાઇ પાસેથી લેવા માગતા હોય અગર બીજી વાજબી તમો તરફથી હરકત હોય તો આજથી દીન ૪ ની અંદર આવી હમારી પાસે ખુલાસો કરી જવું અગર તમો ઉપલા ટાઇમની અંદર હાજર થઈ ખુલાસો નહી કરી જસો તો તમારા તરફથી કંઇ હરકત નથી એવું નકી સમજી બાઈને નીકાહ કરવા

રજા આપસુ પછી તમારી કોઈબી કાંઇ પણ તકરાર હરકત સાંભલવામાં આવશે નહી એજ.

તા૦ ૧૦–૮–૧૯. લખીતંગ

મુખી મેગજી મુળજી.

કામડીયા અલરખીયા જીવરાજ.

ઉપરની ચેતવણી મળ્યા પછી
મુખી તથા કામડીયાને કીધેલી બીજી અરજી

મુંબઈ તા૦ ૧૧–૮–૧૯૧૯ સોમવા

શ્રી. મુંબઈ સીયા ઇમામી ઇસમાઇલી મુખી મેઘજી-ભાઈ મુળજી તથા કામડીયા અલારખીયા ભાઇ જીવરાજની હજુરમાં જોગ લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના ય' અલી મદદ કબુલ કરશોજી જત લખવા અરજ કે હું દફતર ખાનામાં અરજી આપવા ગઇ કાલે એટલે તા૦ ૧૦–૮–૧૯૧૯ ના આવ્યો હતો ત્યારે મને ચેતવણીનો કાગલ મલ્યો તેના જવાબમાં હું અરજી દફતરખાનામાં આપી છે તે પ્રમાણે મારા ભાઈ અલીભાઇ દ ાની મીલકત તા૦ ૧૦–૮–૧૯૧૯ ની મારી અરજી પ્રમાણે વસુલ કરી નીકાની રજા આપશોજી મીલકત લીધા વિના રજા આપશો તો તેના જોખમદાર તમો અમલદાર છો.

લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યાઅલી દા. પોતે

મારૂ સરનામુ-કોટ બોરા બજાર ના૦ ૨૧૧.

બુકસેલર મહમદઅલી દાયા જુની ચોપડીઓ વેચનાર.

મુ૦ મુંબઈ, પોસ્ટ ના૦ ૧.

પહોંચની અમલદારના નોકરોની સહી.

તા૦ ૧૧-૮-૧૯ દા. કા. આમદ સુવજી.

ઉપરની મારી બેઉ અરજીઓનો જવાબ મને કાંઈ મલ્યો નહી અને બાઈ કુંવરબાઈ મીઠાની નીકાહ થઈ ગઈ ત્યારપછી મેં કીધેલી અરજી.

મુંબઈ, તા૦ ૨૦-૮-૧૯૧૯.

શ્રી. મુંબઈ સીયા ઈમામી ઇસમાઇલી મુખી મેઘજી ભાઈ સુળજી તથા કામડીયા અલારખીયા ભાઈ જીવરાજની હજુરમાં.

જોગ લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યા અલી મદદ કબુલ કરશોજી. જત લખવા અરજ કે મેં એક અરજી તા૦ ૧૦-૮-૧૯૧૯ ના તથા બીજી અરજી તા૦ ૧૧-૮-૧૯૧૯ ના આપી છે તે પ્રમાણે મારા ભાઇ અલીભાઇ દાયાની મીલકત વસુલ કરીને કામ ઉકલાવી આપ્યું હશે અને મારા લખ્યા પ્રમાણેનો તે માલ તમારા હવાલામાં લીધો હશે તો તે મારા લખ્યા પ્રમાણેનો માલ મને સોપી આપવા મહેરબાની કરશોજી આની નકલ ઇમામી ઈસમાઇલી કૌન્સીલને આપી છે.

લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યા અલી દા૦ પોતે.

માહરૂ સરનામુ—બુકસેલર મહમદઅલી દાયા જુની ચોપડીઓ વેચનાર.

ઠા૦ કોટ બોરાં બજાર નં૦ ૨૧૧ મુ૦ મુંબઇ પોસ્ટ નં૦ ૧.

પહોંચની અમલદારના નોકરોની સહી.

કરીમ જસા તા૦ ૨૦–૮–૧૯૧૯.

આ કાગલની નકલ મલી છે.

તા૦ ૨૦–૮–૧૯ દા૦ વરતેજી.

મારી ઉપરની અરજીનો મને કાંઇ જવાબ આપ્યો નહી જેથી મેં બીજી અરજી કરી.

મુંબઈ, તા૦ ૩૧–૮–૧૯૧૯ રવીવાર.

શ્રી મુંબઈ સીયા ઇમામી ઈસમાઇલીના મુખી મેઘજીભાઈ મુળજી તથા કામડીયા અલારખીયા ભાઈ જીવરાજની હજુરમાં.

જોગ લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યા અલી મદદ કબુલ કરશોજી–જત લખવા અરજ કે મેં તમોને મારા ભાઈ અલીભાઇ દાયાની મીલકત મને સોંપી આપવા માટે અરજી તા૦ ૨૦–૮–૧૯૧૯ ના આપી પણ આપ મહેરબાનોએ મને માલ સોંપી આપવા અગર તેના માટે કાંઇ પણ જવાબ આપવા મહેરબાની કરી નહી જેથી મને બીજી અરજી કરવા ફરજ પડી તો આ અરજીથી દીવસ ૧૦] દસની અંદર મને મારા ભાઈ અલીભાઇ દાયાની મીલકત સોંપવા અગર તેના માટે જવાબ આપવા મહેરબાની કરશોજી આ અરજીની નકલ કૌન્સીલમાં આપી છે.

લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યા અલી દા. પોતે

મારૂ સરનામુ–બુકસેલર મહમદઅલી દાયા જુની ચોપડીઓ વેચનાર—ઠો૦ કોટ, બોરા બજાર ના૦ ૨૧૧.

મુ૦ મુંબઈ પોસ્ટ ના૦ ૧.

પહોંચની અમલદારના નોકરોની સહી.

ઉપર મુજબની એક નકલ મલી છે તા૦ ૩૧-૮-૧૯૧૯.

દા. ક. ખાકી ઈ. જુ. વરતેજી.

ઉપરની અરજી કૌન્સીલે લીધી પણ દફતરખાનામાં મુખી સાહેબની મનાથી નોકરોએ મારી અરજી રાખી નહી જેથી હું મુખી સાહેબની મીલમાં ગયો તો મુખી સાહેબે પણ મારી અરજી રાખી નહી જેથી મને રજીસ્ટર કરવી પડી.

(ઉપરની અરજી મુખીની મનાથી કામડીયાએ લીધી નહી જેથી તેમાં તા૦ ક૦ નો વધારો કરી રજીસ્ટરથી મોકલી તે નીચે પ્રમાણે તા૦ ક૦ નો વધારો.)

તા૦ ૧-૯-૧૯૧૯ સોમવાર.

તા૦ ક૦—

હું ગઈ કાલે દફતરખાનામાં અરજી દેવા ગયો હતો પણ દફતરખાનાના કામડીયાએ કહ્યું કે તમારી અરજી લેવા મુખી સાહેબની મના છે તેથી હું એજ દીવસે મુખી સાહેબની મીલમાં ગયો પરંતુ મુખી સાહેબે પણ મારી અરજી લેવા ના કહી આ જગ્યાએ હું મુખી સાહેબનું ધ્યાન ખેચું છું કે તમે મારી અરજી શું કામ નહી લીધી તેનો ખુલાસો કરવા મહેરબાની કરશોજી અને મારા ભાઇની મીલકત મારા સ્વાધીનમાં કરશોજી અગર સ્વાધીન નહી કરવાના કારણો લખી મોકલવા મહેરબાની કરશો તે પ્રમાણે દીવસ ૧૦) દસ દીવસ સુધીમાં મારા ભાઇ અલીભાઈ દાયાની મીલકત

સ્વાધીન નહી કરશો અગર ખુલાસો લખી મોકલવા મ-
રબાની નહી કરશો તો મને જે બ્યાજબી સલાહ મળશે
પ્રમાણે પગલાં ભરીસ તેના જોખમદાર તમો અમલદાર રહેશે
બીજુ તમો મુખી સાહેબે વગર કારણે તમારી આપખુદી
ટકાવી રાખવા કેશવજી લાલજીને હેરાન કીધો છે તેના
હેવાલની બુક ના૦ ૭) સાત "મુખી સાહેબનો છટકો અને
કેશવજી લાલજીનો ફટકો" આ નામની બુક છપાએલી છે તે
આ સાથે મોકલી છે તે વાંચવા મહેરબાની કરશો કે જેથી
તમારા આપખુદીના કામ તમોને દેખાઈ આવશે તેથી હું ફરી
આપ અમલદારને આજીજીથી અરજ કરૂ છું કે મને હેરાન
ગતીમાં નહી ઉતારતાં મારા ભાઇ અલીભાઇ દાયાની મીલકત
મને સ્વાધીન કરશો અથવા સ્વાધીન નહી કરવાના કારણ
લખી મોકલવા મહેરબાની કરશો કે જેથી હું હેરાન થતો
અટકુ.

આની નકલ મુખી મેઘજીભાઈ મુળજી તથા કામડીયા
અસારખીયા ભાઈ જીવરાજને પણ રજીસ્ટર કરી મોકલી છે:

લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યા અલી દા.-પોતે.

મારૂ સરનામું—બુકસેલર મહમદઅલી દાયા જુની ચોપ-
ડીઓ વેચનાર ઠે૦ કોટ બોરા બજાર ના. ૨૧૧.

મુ૦ મુંબઇ પોસ્ટ નાં૦ ૧.

રની અરજીઓ પણ મુખી તથા કામડીયાએ 'વાબ આપવા મહેરબાની કરી નહી જેથી મેં ૩જી અરજી કરી.

મુંબઈ તા૦ ૧૫-૯-૧૯૧૫.

શ્રી. મુંબાઇ સીયાઈમામી ઇસમાઇલીના મુખી મેઘજીભાઇ ગીજી તથા કામડીયા અલારખીયા ભાઈ જીવરાજની હજુરમાં.

જોગ લી૦ મુહમદઅલી દાયા ગોંડલવાલાના યા અલી મદદ કબુલ કરશોજી જત લખવા અરજ કે ગઈ તા૦ -૧૯૧૫ ના દીને તમોને રજીસ્ટર અરજીઓ કીધી હતી જે મારા ભાઇ અલીભાઈ દાયાની મીલકત મને સ્વાધીન કરવા મહેરબાની કરશો અથવા સ્વાધીન નહી કરવાનાં કારણ લખી મોકલવા મહેરબાની કરશો પરંતુ તે અરજીઓનો તમોએ જવાબ આપવા મહેરબાની કીધી નહી જેથી મને આ અરજી કરવાની ફરજ પડી તો આ અરજી તમોને પોચવાથી ૧૦] દીવસ દસની અંદર મારા ભાઇ અલીભાઇ દાયાની મીલકત મને સ્વાધીન કરવા મહેરબાની કરશો અથવા સ્વાધીન નહી કરવાના કારણ બતાવવા મહેરબાની કરશો તેમ નહી કરશો તો મારે દીલગીરી સાથે મારા ભાઈ અલીભાઇ દાયાની મીલકત વસુલ કરવા સારૂ અદાલતનો આસરો લેવો પડશે અને તેના ખરચના માટે કોમ અને અવર કોમમાં બીજા માગણા નીકલીશ તે ઉપરાંત તમોને જે અરજીઓ કીધી છે તે અરજીઓ અને તમો અમલ-

દારીનો ગેરં ઉપયોગ કરીને ગરીબ ખોજાઓને હેરાન લગન અને મરણુ અટકાવીને પૈસા કઢાવો છો તે ઉપે વિધવા બાઈઓના આગલા ધણીની મીલકતો દબાવી રાખ કોશીશ કરો છો તેના સરવેનો હેવાલ જે મને યાદ હશે છપાવીને કોમ અને અવર કોમમાં વટીસ તેના જોખમદાર તમો અમલદાર રહેશો અને લોકો પાસે ભીખ માગીશ અને ભીખ માગીને કાયદાની અદાલતનો આસરો લેઈશ.

બુકનું નામ નીચે પ્રમાણે આપીશ.—

“ઇસમાઈલી આગાખાની ખોજાના મુખી મેઘજીભાઇ મુળજી અને કામડીયા અલારખીયા ભાઇ જીવરાજ મરનારના વારસોનો હક ડુબાવે છે તેનો હેવાલ.”

આની નકલો મુખી સાહેબ તથા કામડીયા સાહેબને રજીસ્ટર કીધી છે અને ઈસમાઈલી કોન્સીલને કવરમાં મોકલી છે.

લી૦ મહમદઅલી દાયા ગોંડલવાલાના યા અલી દા. પોતે.

મારૂ સરનામુ-બુકસેલર મહમદઅલી દાયા જુની ચોપડીઓ વેચનાર—ઠો૦ કોટ બોરા બજાર નાં૦ ૨૧૧.

મુા૦ મુબઇ પોસ્ટ નાં૦ ૧.

ઉપરની અરજીઓનો મુખી મેઘજીભાઇ મુળજી તથા કામડીયા અલારખીયા ભાઇ જીવરાજ બેઉના તરફથી કોઇએ પણ જવાબ આપવા મહેરબાની કરી નહી તેથી મને ઉપ-

ચાલ છપાવીને કોમ અને અવર કોમમાં વાટીને મેળવવા સારૂ,મદદ માગવાની મને ફરજ પડી છે.

સરવે ભાઇઓને અરજ.

મારા ભાઇની મીલકત વસુલ કરવા સારૂ મને કોર-ટનો આસરો લેવો પડશે આપણા (ઈસમાઈલી ખોજાના) અમલદારો પાસે નામદાર આગાખાનની ત્રીજોરીની ચાવીઓ છે તે તેમાંથી ખરચ કરશે હું ગરીબ હોઈને ઇન્સાફ લેવા માટે મને ભીખ માગવી પડે છે માટે હું સરવે ભાઇઓને અરજ કરૂ છું કે મને ખુદા વાસ્તે તમારાથી બનતી મદદ મોકલવા મહેરબાની કરશો ખુદા તમારૂં ભલું કરશે-ઈસ-માઈલી અમલદારો બીજાનો હક દબાવી રાખે છે અને હેરાન કરે છે તે ઈસમાઇલી અમલદારોનાં કામ નામદાર સરકા-રની અદાલતમાં જાહેરમાં આવશે જેથી બીજાનો હક આપ-ખુદીથી દબાવવા અને હેરાન કરતા અટકશે તેથી મને આ કામ કરવાની ફરજ પડી છે.

મારી હેરાનગતીનું દાસ્તાન.

હું આગલ ગોંડલમાં રહેતો હતો ત્યારે મને ગોંડલના વારસ પીરભાઇ તેજાથી દુનીયાદારીના સંબંધમાં ખટપટ ચાલતી હતી તે ખટપટને વારસ પીરભાઇ તેજાએ ધર્મ સંબંધમાં મેળવી ખોટી રીતે આપખુદી ચલાવીને રૂ. ૧॥ૄ એક રૂપીયોને અગીયાર આના હીસાબના અઢયા વારસ સાહેબને મેં પુછયું કે મારા માથે ૧॥ૄ એક રૂપીયોને અગીયાર આના શેના તેનો જવાબ આપવાને બદલે વારસ

સાહેબે આપખુદી ચલાવીને ઇન્સાફ કીધા વગર મોઢેથી હુકમ કીધો કે જા તું ન્યાત બહાર એટલેથી નહી આવતાં વારસ પીરભાઈ તેજાએ જમાતના નોકર પ્રેમજી હરજીને ઉભો કરીને મારા માથે ખોટી ફરીયાદી કરી અને પોતે ખોટા સાક્ષી થયા પરંતુ નામદાર કોરટે મને ખરો ઇન્સાફ આપી નીરદોશ ઠરાવી છોડી મુકયો જેના હેવાલનું મેં ઈ. સ. ૧૯૧૨ માં હેન્ડબીલ છપાવેલું.

બીજું વારસ પીરભાઇ તેજાએ આપખુદી ચલાવીને ઇન્સાફ કીધા વગર મને ન્યાત બહાર કીધો તેની મેં અરજી જુનાગઢના વારસ હબીબભાઇ કાસમને કીધી પરંતુ તે તો જેમ દાખલા તરીકે "રેવડીવાલાનો સાક્ષી ગંડેરીવાલો." તેના માફક મારી અરજી ઉપર કાંઇ ધ્યાન આપ્યું નહી અને વારસ પીરભાઈ તેજાના આપખુદીના કામને ઉત્તેજન આપીને મારી અરજીનો ઉડાવનારો જવાબ આપ્યો અને મને પૈસેથી પાયમાલ કીધો.

બીજું જયારે વારસ પીરભાઈ તેજાએ આપખુદીથી મને ન્યાત બહાર કીધો તેની અરજી વારસ હબીબભાઇ કાસમને કીધી તેને પણ પોતાના સગા ગણી વારસ પીરભાઇ તેજાનો પક્ષ ખેંચી આપખુદીથી જવાબ નહી આપ્યો ત્યારે મને દીલગીરી સાથે તેઓનાં આપખુદીના કામનાં અને મારા દુખના હેવાલનાં હેન્ડબીલ છપાવીને હું વાટતો વાટતો જયાં અમારા હાજર ઈમામ વીરપુરને મેળે પધાર્યા

ાં વાટતો વાટતો કાઠીયાવાડમાં વીરપુર ગયો ત્યારે
અમલદારોએ મને હેરાન કરવા અને માર મારવા
ગર્યો અને અમલદારોના કહેવા પ્રમાણે ઘણા માણસો
રાન કરવા અને મારવા આવ્યા પણ કહેવત છે કે-
ાર કરતાં બચાવનાર મોટો" તે પ્રમાણે મારી બાબ-
બન્યું અને મને ખાનગી ખબર મળ્યા કે તને ખોજાઓ
ા શોધે છે જેથી હું વીરપુરથી ગોંડલમાં નાસી આવીનો
થી તે બીનાનો અમારા હાજર ઇમામને તાર કીધો
ારા હાજર ઇમામે મારા ઉપર દયા કરીને બંધો-
રાવી વીરપુર બોલાવ્યો અને મને ન્યાતમાં લેવા
રમાવ્યો તેથી મુંબઇની ઇમામી કોન્સીલે અમારા
ઇમામના ફરમાનથી મને ન્યાતમાં લીધો કહેવત છે
યા કામ કરનારના બોલ બાલા અને ખોટાં કામ
ાં મો કાળાં" તેજ પ્રમાણે મારૂ કામ ખરૂ હતુ
અમારા હાજર ઈમામે મને ન્યાતમાં લેવા હુકમ
ા અને વારસોના હુકમને રદ કીધો.

ાર પછી અમલદારો તરફથી મારા માથે બીજાને
રાવીને દસ્તાવેજ કરાવીને કોરટમાં પૈસાની ફરીયાદી
(ે કેસ ૮) આઠ માસ ચાલ્યો અને તે કેસ મારા
ા હકનો... તેથી મને હક ઇન્સાફ
દારોએ મને હેરાન
મને મુંબઈ આવવું

પડયું મુંબઇમાં મારૂં કોઇ સગું વહાલું નહી હોવાથી મારી કોઈથી ઓળખ નહી હોવાથી મેં પૈસાની મદ અમારા હાજર ઇમામને અરજી કીધી જે અરજી નીચે પ્ર

મુંબઈ, તા૦ ૧૬–૩–૧૯૧૫

હીજ હાઈનેસ સર આગાખાન આગા સુલતાન મદશાહા હાજર ઈમામ જી. સી. આઈ. ઇ. ની પુ હજુરમાં.

લી૦ મહુમદઅલી દાયા ગોંડલવાલાનો

કરશોજી.

જત લખવા અરજ કે હું ગોંડલના ઇસમાઈલી દારોના આપખુદીમાં સપડાતાં હેરાનગતી સાથે પ થતાં મને મારૂં ગામ છોડવા ફરજ પડી.

જેથી મુંબઇમાં માસ ૯–૧૦) નવથી દસ થયાં સહકુટુંબ આવી ઘણાં મુસીબતના દીવસ પસાર કર તો મને થોડી પુરાંતની મદદ કરશો કે જેથી મારા કુટુ ગુજરાણ થઈ શકે જે પુરાંતમાં મારો ધંધો ચાલતાં થોડું કરી ભરી આપીશ એજ લી૦ મહમદઅલી દ સુજદા કબુલ કરશોજી.

દા. પોતે મારૂ ...મ–મોહમદઅ ...ા.

ઠે૦ ચાલ ...ર